ગાંધીનગર સમાચાર
તા. ૫-૫-૨૦૧૩, રવિવાર

## તંત્રી સ્થાનેથી.....

# કર્ણાટકમાં કળ વળી શકે તો પણ સમગ્રપણે કોંગ્રેસની માઠી દશા

કર્ણાટક વિધાનસભામાં કોગ્રેંસ સારો દેખાવ કરી શકે તો પણ સમગ્ર દૃષ્ટિએ જોતાં દેશ આખામાં કોગ્રેંસનાં વળતાં પાણી થઈ રહ્યાં હોય એવાં એંધાણ રોજરોજ મળતાં રહે છે. કર્ણાટકમાં ભાજપનું વહાણ ભાજપના જ તારણહાર ગણાતા યેદિપુરપ્પાના જ કારણે ડૂબી રહ્યું છે. મુખ્યમંત્રી જગદીશ શેટ્ટાર મૂળે તો યેદિયુરપ્પાના જ અંગત સમર્થક હતા. પરંતુ ભાજપ હાઈકમાંડે યેદિયુરપ્પાને પુનઃસ્થાપિત કરવાની માગણી ન સ્વીકારી એથી વીફરેલા લોકપ્રિય નેતાએ અલગ પ્રાદેશિક પાર્ટી બનાવીને ભાજપને પડકારવાનો નિર્ણય કર્યો હતો. પરિણામે આ વખતે 'હું મરું પણ તને રાંડ કરું.' ન્યાયે યેદિયપરપ્પાએ ભાજપનો પોતે જ મહામહનતે બનાવેલો ગઢ ધરાશાયી કરવાનો કારસો ઘડ્યો છે. એનો સીધો લાભ કોગ્રેંસને જ થવાનો છે. પરંતુ એકાદ રાજયમાં ગયેલી સત્તા પાછી મેળવવાથી કોગ્રેંસનો દહાડો વળવાનો નથી. એક પછી એક એવા કૌંભાડો જાહેર થતાં જાય છે કે રાષ્ટ્રીય સ્તરે કોગ્રેંસની શાખ પત્તાંના મહેલની જેમ ધ્વસ્ત થઈ રહી છે. ટુ-જી સ્પેક્ટ્રમ અને 'કોલગેટ' કૌભાંડની કાળી ટીલી ભૂંસાય એ રહેલાં રેલવેમંત્રી પવનકુમાર બંસલના ભાણેજની રુશ્વતખોરી પકડાઈ ગઈ છે. બંસલના વચેટિયા તરીકે ઓળખાતા એમના ભાણેજ વિજય સિંગલાને એક રેલવે અધિકારીને રેલવે બોર્ડના સભ્ય બનાવવા માટે નેવું લાખની લાંચ લેતાં સીબીઆઈએ 'રંગેહાથ' ઝડપી લીધા છે. મંજૂનાથ નામના કૅરિયર મારફત નક્કી થયેલી બે કરોડની લાંચનો પહેલો હપ્તો મહેશ કુમારે વિજય સિંગલાને પહોંચાડ્યો હતો. સીબીઆઈ માટે આ શિકાર એની યશકલગી સાબિત થશે. કારણકે, અત્યાર સુધી એને સરકારના ઈશારે વિરોધીઓને દબાવવા માટે જ ખપમાં લેવાતી રહી હોવાના આક્ષેપો થતા રહ્યા છે. સીબીઆઈ ટીમે ત્રણ દિવસ અગાઉ રેલવે બોર્ડના સભ્ય તરીકે નિયુક્ત થયેલા મહેશકુમારે આ પદ મેળવવા રેલવે મંત્રના ભાણેજ સાથે કરેલ સોદાબાજી પકડાઈ જવાથી સોનિયા ગાંધી અને મનમોહનસિંહની ગુડબુકમાં ગણાતા પવનકુમાર બંસલની બોલતી બંધ થઈ ગઈ છે. સ્વાભાવિક રીતે જ વિપક્ષો પાસે કોગ્રેંસ સામે છેક આગામી ચૂંટણી સુધી ચાલે એવો દારૂગોળો આવી ગયો છે. કોગ્રેંસ માટે એની શાખ બચાવવા બંસલનું રાજીનામું લીધા વગર કોઈ વિકલ્પ જ નથી બચ્યો. છતાં એ બંસલનો બચાવ કરવા બધા જ પ્રયત્નો કરશે. કારણ કે, બંસલ ચંડીગઢનું પ્રતિનિધિત્વ કરતા હાઈકમાંડના લાડકા સેવક છે. મમતા બેનર્જીએ ટેકો પાછો ખેંચી લેવાનો નિર્ણય કર્યો તે પહેલાં રેલવે જેવું મહત્વનું ખાતું 'યુપીએ-૨'ની સરકારમાં સહભાગી તૃણમૂલ કોગ્રેંસ હસ્તક રહ્યા કર્યું છે. રેલવે ખાતાના કૅબિનેટમંત્રી તરીકે મનમોહન સરકારે પહેલી જ વાર કોગ્રેંસી નેતાને મૂક્યા તે પવન બંસલે વિભાગનો હવાલો સંભાળતાંની સાથે પોત પ્રકાશ્યું હતું. મમતા અને અગાઉ લાલુપ્રસાદ યાદવે રેલવે ભાડામાં વધારો નહીં કરી લોક લુભાવન બજેટ રજૂ કર્યાં હતાં. બંસલે આવતાં વેંત કહેવાતાં 'ક્રાંતિકારી' અને 'હિંમતભર્યાં' પગલાં લઈ કોગ્રેંસ હાઈકમાંડની શાબાશી મેળવી હતી. પરંતુ હિંમત બાજ રેલવેમંત્રીના ભાણેજ ડબલ હિંમતબાજ નીવડ્યા અને મામા ભાણેજને એક સાથે સાંકળી કોગ્રેંસને પડતા પર પાટુ મારવાની વિપક્ષોને તક મળી ગઈ. નૈતિકતાના મુદ્દે પવન બંસલે એક પળનોય વિલંબ કર્યા વગર રાજીનામું આપી દેવું જોઈએ પરંતુ એ હજી એમની ખુરશી બચાવવાની લડાઈ લડી રહ્યા છે. પવન બંસલનો મુદ્દો ભાજપ માટે જ નહીં, કોગ્રેંસને મને કમને સમર્થન આપી રહેલી સમાજવાદી પાર્ટી કે બહુજન સમાજ પાર્ટીને પણ એનું નાક દબાવવા ખપ લાગશે. પવન કયારેક અવળી દિશામાં પણ ફૂંકાઈ શકે એની મનમોહનસિંહને અને સોનિયા ગાંધીને પ્રતીતિ થઈ જ હશે.

# ગુજકેટના વિદ્યાર્થીઓ જોગ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા જણાવાયું છે કે આગામી ૯મી મે-૨૦૧૩ના રોજ લેવાનાર ગુજકેટની પરીક્ષામાં જે તે વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ મેળવી લેવી. હોલ ટિકિટમાં કોઈ ભૂલ જણાય તો ઉમેદવારે પરિશિષ્ટ-૫ ભરીને બોર્ડમાં ગુજકેટ સેલ ગાંધીનગરના સરનામે મોકલી આપી સુધારો કરાવી લેવો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે તા. ૯-મે-૨૦૧૩ના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૧૩ની ફી રસીદમાં ફોટો આવેલ ન હોય કે સ્પષ્ટ દેખાય તેવો ન હોય તો ફી રસીદ (હોલ ટીકીટ)માં પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી શાળાનાં આચાર્યશ્રીના સહી-સિક્કા કરાવવા અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડના વિદ્યાર્થીઓએ શાળાના આચાર્ય કે રાજ્યપત્રિત (ગેઝેટેડ) અધિકારીના સહી સિક્કા કરાવીને વર્ગખંડમાં હોલટીકીટ લઈ જવી. તેની ઝેરોક્ષ કરાવી એક ઝેરોક્ષ નકલ ખંડ નિરીક્ષકને પરીક્ષા સમયે આપવી. અસલ ફી રસીદ ઉમેદવારે પોતે પોતાની પાસે રાખવી. જેઓની ફી રસીદમાં શાળા ઈન્ડેક્ષ નંબર ખોટો આવેલ હોય તેવા ઉમેદવારોએ પરિશિષ્ટ-૫ ભરીને બોર્ડમાં ગુજકેટ સેલ, ગાંધીનગરનાં સરનામે મોકલી આપવાનું રહેશે.

# ગાંધીનગરની જે. બી. પ્રાથમિક શાળાનું પરિણામ

જે. બી. પ્રાથમિક વિદ્યાલય

| નંબર | નામ | ટકા |
|---|---|---|
| ધોરણ-૧ (એ) | | |
| ૧ | પટેલ દેવલ શૈલેષકુમાર | ૯૯.૮૩ |
| ૨ | પટેલ હેત દિલીપભાઈ | ૯૯.૫૦ |
| ૩ | પટેલ હર્ષિલ પ્રવિણકુમાર | ૯૯.૦૦ |
| ધોરણ-૧ (બી) | | |
| ૧ | ગોહિલ રુદ્રદત્તસિંહ બી. | ૯૯.૮૩ |
| ૨ | પટેલ મિત કિરણકુમાર | ૯૯.૮૩ |
| ૩ | ચૌધરી નિરવ જયંતિભાઈ | ૯૯.૧૭ |
| ૪ | પટેલ પાર્થ યોગેશભાઈ | ૯૯.૧૭ |
| ૫ | પટેલ શીવકુમાર રાજેશકુમાર | ૯૮.૮૩ |
| ધોરણ-૧ (સી) | | |
| ૧ | ભટ્ટી ધ્રુવ જોતીનકુમાર | ૧૦૦ |
| ૨ | પટેલ રુદ્ર સંજયકુમાર | ૯૬.૩૩ |
| ૩ | પટેલ નમન બિપીનભાઈ | ૯૫.૩૩ |
| ધોરણ-૧ (ડી) | | |
| ૧ | આગજા ક્રિશ રણજીતસિંહ | ૯૮.૧૭ |
| ૨ | પટેલ જીત અરૂણકુમાર | ૯૪.૮૩ |
| ૩ | રાઠોડ જયમીનસિંહ પ્રવિણસિંહ | ૯૩.૧૭ |
| ધોરણ-૧ (ઈ) | | |
| ૧ | મીણા દીપક ઈશ્વરલાલ | ૯૬.૫૦ |
| ૨ | બિહોલા રાજવીરસિંહ ઇ. | ૯૬.૩૩ |
| ૩ | ગામેતી રક્ષવકુમાર દિલીપકુમાર | ૯૬.૧૭ |
| ધોરણ-૧ (એફ) | | |
| ૧ | પટેલ જીલ કનૈયાલાલ | ૯૯.૮૩ |
| ૨ | નિનામા ઓમ મગનભાઈ | ૯૮.૩૩ |
| ૩ | પટેલ જય વિપુલકુમાર | ૯૮ |
| ધોરણ-૨ (એ) | | |
| ૧ | ઠક્કર સ્મિત પાર્થકુમાર | ૯૮.૮૩ |
| ૨ | પટેલ ખુશ શૈલેષકુમાર | ૯૮.૬૭ |
| ૩ | પટેલ સ્મિત પંકજકુમાર | ૯૮.૩૩ |
| ધોરણ-૨ (બી) | | |
| ૧ | જયસ્વાલ ધ્યાન ધવલકુમાર | ૯૯.૫૦ |
| ૨ | ગુલવે પ્રથમ પ્રવિણભાઈ | ૯૮.૩૩ |
| ૩ | મિસ્ત્રી યુગ ભાવેશકુમાર | ૯૭.૮૩ |
| ધોરણ-૨ (સી) | | |
| ૧ | હર્ષકુમાર પટેલ | ૯૭.૮૩ |
| ૨ | હેમાંગ ચૌધરી | ૯૭.૧૭ |
| ૨ | ક્રિશ એ. પટેલ | ૯૭.૧૭ |
| ૨ | ક્રિશ ડી. પટેલ | ૯૭.૧૭ |
| ૩ | યશ પટેલ | ૯૬.૬૭ |
| ધોરણ-૨ (ડી) | | |
| ૧ | નિશીત પટેલ | ૯૭.૩૩ |
| ૧ | પ્રિન્સ પટેલ | ૯૭.૩૩ |
| ૨ | ઉમંગ પરમાર | ૯૭ |
| ૩ | કરણ કરંગીયા | ૯૬.૧૭ |
| ધોરણ-૨ (ઈ) | | |
| ૧ | તક્ષ શ્રીમાળી | ૯૬.૬૭ |
| ૧ | વ્રજ સોની | ૯૬.૬૭ |
| ૧ | ચિરાગ ઠાકોર | ૯૬.૬૭ |
| ૨ | દેવમ શાહ | ૯૬.૫૦ |
| ૩ | તનીશ પટેલ | ૯૫.૬૭ |
| ધોરણ-૨ (એફ) | | |
| ૧ | આર્યન દરજી | ૯૭.૫૦ |
| ૨ | રોહન વાઘેલા | ૯૭.૧૭ |
| ૩ | તીર્થરાજસિંહ સિસોદિયા | ૯૫ |
| ધોરણ-૩ (એ) | | |
| ૧ | ધ્રુવીલ ગામીત | ૯૭.૬૩ |
| ૨. | ક્રિશ પટેલ | ૯૭.૫૦ |
| ૩. | તુષારભાઈ ચૌધરી | ૯૫.૧૩ |
| ધોરણ-૩ (બી) | | |
| ૧ | વિપુલકુમાર ચૌધરી | ૯૬.૮૮ |
| ૨ | મિહિર સોલંકી | ૯૪.૮૮ |
| ૩ | ધ્રુવીલ પટેલ | ૯૩.૫૦ |
| ૩ | શુકન પટેલ | ૯૩.૫૦ |
| ધોરણ-૩ (સી) | | |
| ૧. | હિત પંચાલ | ૯૬.૧૩ |
| ૨ | મિહિર પટેલ | ૯૩.૬૩ |
| ૩ | મીતરાજસિંહ વાઘેલા | ૯૨.૫૦ |
| ધોરણ-૩ (ડી) | | |
| ૧ | આગજા જૈમિન પંકજુમાર | ૯૪.૩૮ |
| ૨ | વાઘેલા પાર્થિવસિંહ દિલીપસિંહ | ૯૧.૭૫ |
| ૩ | પ્રાજપતિ ઋતુલ દશરથભાઈ | ૮૮.૭૫ |
| ધોરણ-૩ (ઈ) | | |
| ૧ | ચૌહાણ વ્રજ જયેશકુમાર | ૯૪.૫૦ |
| ૨ | પટેલ જય પ્રવિણભાઈ | ૯૨.૬૩ |
| ૩ | ભાટી દલવીરસિંહ મહેન્દ્રસિંહ | ૯૨.૫૦ |
| ધોરણ-૩ (એફ) | | |
| ૧ | સુખડીયા પ્રેરકકુમાર વાય. | ૯૬.૩૮ |
| ૨ | પ્રજાપતિ ક્રિશ અરવિંદભાઈ | ૯૪ |
| ૩ | નિસરતા તેજસ જિતેન્દ્રભાઈ | ૯૧.૫૦ |
| ધોરણ-૪ (એ) | | |
| ૧ | ધોબી લવ હિતેશભાઈ | ૯૮.૩૦ |
| ૨ | પટેલ ક્રિષ્ણા અરવિંદભાઈ | ૯૮ |
| ૩ | ગાંધર્વ માહીન યુનુસભાઈ | ૯૪.૫૦ |
| ધોરણ-૪ (બી) | | |
| ૧ | પટેલ પ્રથિત જગદીશભાઈ | ૯૭.૩૦ |
| ૨ | પટેલ નીલ ચંદ્રકાન્તભાઈ | ૯૫ |
| ૩ | વ્યાસ પૂજન નિરંજનકુમાર | ૯૩.૯૦ |
| ધોરણ-૪ (સી) | | |
| ૧ | પટેલ કથન સંજયકુમાર | ૯૬.૫૦ |
| ૨ | પટેલ વ્રજ કનુભાઈ | ૯૬ |
| ૩ | દરજી ઉર્વિશ રાજેશકુમાર | ૯૫.૯૦ |
| ધોરણ-૪ (ડી) | | |
| ૧ | પટેલ રુદ્ર હસમુખભાઈ | ૯૬.૭૦ |
| ૨ | શાહ ધ્રુવ જિનેશકુમાર | ૯૨.૬૦ |
| ૩ | પટેલ દર્શન ગિરીશકુમાર | ૯૨.૨૦ |
| ધોરણ-૪ (ઈ) | | |
| ૧ | પ્રજાપતિ દેવમ ડાહ્યાભાઈ | ૯૭.૭૦ |
| ૨ | પટેલ પરમકુમાર બદ્રિશકુમાર | ૯૭.૨૦ |
| ૩ | પટેલ દેવ જીજ્ઞેશકુમાર | ૯૬.૭૦ |
| ધોરણ-૪ (એફ) | | |
| ૧ | પટેલ સિદ્ધાંત મહેન્દ્રકુમાર | ૯૫.૭૦ |
| ૨ | પટેલ ઉત્પલકુમાર વિષ્ણુકુમાર | ૯૪.૮૦ |
| ૩ | ભાલકિયા યશ રમેશચંદ્ર | ૯૧.૭૦ |
| ધોરણ-૪ (જી) | | |
| ૧ | દીપ પટેલ | ૯૬ |
| ૨ | મોહિત દેસાઈ | ૯૫.૭૦ |
| ૩ | મન પટેલ | ૯૨.૬૦ |
| ધોરણ-૫ (એ) | | |
| ૧ | કુતજ્ઞ પટેલ | ૯૮.૫૮ |
| ૨ | પર્વ ભાવસાર | ૯૬.૮૩ |
| ૩ | વૈભવ ઓઝા | ૯૬.૩૩ |
| ૩ | જતીન વણઝારા | ૯૬.૩૩ |
| ધોરણ-૫ (બી) | | |
| ૧. | જ્યોતિન્દ્ર અનાવાડિયા | ૯૭.૭૫ |
| ૨ | પૂર્ણાંગ મહિરીયા | ૯૬.૩૩ |
| ૩ | વૈભવ પરમાર | ૯૫.૩૩ |
| ધોરણ-૫ (સી) | | |
| ૧ | દીપ સોની | ૯૬ |
| ૨ | ધૈર્ય પટેલ | ૯૩.૨૫ |
| ૩ | શિવરાજ યાદવ | ૯૧.૫૮ |
| ધોરણ-૫ (ડી) | | |
| ૧ | જીલ પટેલ | ૯૭.૬૭ |
| ૨ | પાર્થિવ એન. આચાર્ય | ૯૬ |
| ૩ | પાર્થિવ એ. પટેલ | ૯૪.૪૨ |
| ધોરણ-૫ (ઈ) | | |
| ૧ | પાર્થ પટેલ | ૯૨.૦૮ |
| ૨ | ભાવિક સંગાર | ૮૮.૬૭ |
| ૩ | રવિ પટેલ | ૮૮.૫૮ |
| ધોરણ-૫ (એફ) | | |
| ૧. | અમન શાહ | ૯૪.૯૨ |
| ૨ | ભવ્ય જાની | ૯૪.૦૮ |
| ૩ | મહાવીર ચાવડા | ૯૧.૭૫ |
| ધોરણ-૫ (જી) | | |
| ૧. | રીકી પરીખ | ૯૪.૪૨ |
| ૨ | જિગ્નેશ આહિર | ૯૧.૦૮ |
| ૩. | દિવ્યરાજસિંહ | ૮૪.૮૩ |
| ધોરણ-૬ (એ) | | |
| ૧ | ગાવિત મિલીત સી. | ૯૭.૨૯ |
| ૨ | પટેલ પૂજન જયેશકુમાર | ૯૫.૭૯ |
| ૩ | નાયકિયા ઋતુલ એ. | ૯૫.૨૯ |
| ધોરણ-૬ (બી) | | |
| ૧ | પ્રજાપતિ કુંજલ આર. | ૯૮.૪૩ |
| ૨. | પટેલ યશકુમાર કમલેશભાઈ | ૯૮.૨૯ |
| ૩ | પટેલ જીનલ ઘનશ્યામભાઈ | ૯૭.૭૯ |
| ધોરણ-૬ (સી) | | |
| ૧ | પટેલ પાર્થ પરેશભાઈ | ૯૬.૬૪ |
| ૨ | પાર્ગી જયદીપસિંહ એસ. | ૯૬.૧૪ |
| ૩ | ચરપોટ ધ્રુવકુમાર એલ. | ૯૫.૫૦ |
| ધોરણ-૬ (ડી) | | |
| ૧ | ગ્રાઈન સાહીલ આર. | ૯૪.૦૭ |
| ૧ | સુથાર રાજ પ્રકાશકુમાર | ૯૪.૦૭ |
| ૨ | ક્રિશ્ચિયન નિકેન એન. | ૯૩.૭૧ |
| ૩ | ચાવડા યશરાજસિંહ એસ. | ૯૨.૨૯ |
| ૩ | પટેલ શિવમ ભરતકુમાર | ૯૨.૨૯ |
| ધોરણ-૬ (ઈ) | | |
| ૧ | શાહ મીત શૈલેષભાઈ | ૯૭.૦૭ |
| ૨ | તાવિયાડ પ્રદિપકુમાર સી. | ૯૨.૭૧ |
| ૩ | ચૌધરી દેવાંગકુમાર આર. | ૯૨.૩૬ |
| ધોરણ-૬ (એફ) | | |
| ૧ | પટેલ હર્ષ મહેશભાઈ | ૯૫.૯૩ |
| ૨ | પટેલ પુંજન પંકજભાઈ | ૯૩.૭૧ |
| ૩ | રાઠોડ પ્રતિપાલસિંહ એ. | ૯૩.૨૯ |
| ધોરણ-૬ (જી) | | |
| ૧ | ડાભી પરમવીરસિંહ એ. | ૯૩.૫૭ |
| ૨ | પટેલ સ્મિત હસમુખભાઈ | ૯૦.૪૩ |
| ૩ | પરમાર હર્ષિલ આર. | ૮૯.૨૧ |
| ધોરણ-૭ (એ) | | |
| ૧ | આયુશ પટેલ | ૯૭.૩૬ |
| ૨ | ધવલ ચાવડા | ૯૬.૫૦ |
| ૩ | નિર્ભય જોષી | ૯૬.૨૧ |
| ધોરણ-૭ (બી) | | |
| ૧ | કૃતાર્થ પટેલ | ૯૬.૨૧ |
| ૨ | મોનિલ જોષી | ૯૪.૮૬ |
| ૩ | નીરજ ડાભી | ૯૪.૧૪ |
| ધોરણ-૭ (સી) | | |
| ૧ | મિથિલેશ ઠક્કર | ૯૬.૪૩ |
| ૨ | રવિ પટેલ | ૯૧.૩૬ |
| ૩ | ચિરાગ ચૌહાણ | ૯૦.૨૧ |
| ધોરણ-૭ (ડી) | | |
| ૧ | અભિજીત ખિમસુરીયા | ૯૩.૭૯ |
| ૨ | સ્કેનકુમાર પટેલ | ૯૨.૩૬ |
| ૩ | પાર્થકુમાર પટેલ | ૯૨ |
| ધોરણ-૭ (ઈ) | | |
| ૧ | પાર્થ પટેલ | ૯૩.૨૬ |
| ૨ | હેત પટેલ | ૯૨.૪૩ |
| ૩ | સંકેત પટેલ | ૯૧.૯૩ |
| ધોરણ-૭ (એફ) | | |
| ૧ | નિલય પટેલ | ૯૩.૦૭ |
| ૨ | હર્ષરાજ વાઘેલા | ૯૩ |
| ૩ | કર્તવ્ય બરોડિયા | ૯૨.૬૪ |
| ધોરણ-૭ (જી) | | |
| ૧ | નિસર્ગ જોશી | ૯૬.૮૬ |
| ૨ | વિરેન પ્રજાપતિ | ૮૯.૨૯ |
| ૩ | શ્રેય પરીખ | ૮૮.૧૪ |
| ધોરણ-૮ (એ) | | |
| ૧ | વાઘેલા હિરેન એન. | ૯૮.૨૯ |
| ૨ | શાહ નિકુંજ સી. | ૯૭.૮૬ |
| ૩ | પ્રાજપિત ભાવિક બી. | ૯૭.૭૯ |
| ધોરણ-૮ (બી) | | |
| ૧ | પ્રજાપતિ નિશાંત જે. | ૯૬.૭૧ |
| ૨ | પટેલ નિરજ ભરતભાઈ | ૯૪.૨૯ |
| ૩ | ચૌધરી સાવન પ્રહલાદભાઈ | ૯૩.૩૬ |
| ધોરણ-૮ (સી) | | |
| ૧ | રાવલ રોનક મુકેશભાઈ | ૯૭.૫૭ |
| ૨ | પટેલ વિનય રાજેશકુમાર | ૯૭.૪૩ |
| ૩ | પટેલ સ્મિતકુમાર મુકેશભાઈ | ૯૫.૬૪ |
| ધોરણ-૮ (ડી) | | |
| ૧ | પટેલ પાર્થ પ્રફુલકુમાર | ૯૧.૯૩ |
| ૨ | જોષી અભિજ્ઞ આર. | ૯૧.૦૭ |
| ૩ | પટેલ નિલય ગોરધનભાઈ | ૯૦.૭૯ |
| ધોરણ-૮ (ઈ) | | |
| ૧ | પ્રજાપતિ આશિષ જે. | ૯૭.૪૩ |
| ૨ | ચૌધરી પવન એ. | ૯૫.૭૯ |
| ૩ | ચૌધરી જૈનમ એમ. | ૯૪.૬૪ |
| ધોરણ-૮ (એફ) | | |
| ૧ | પાટીદાર સંકલ્પ એસ. | ૯૬.૪૩ |
| ૨ | પટેલ યશ અજીતકુમાર | ૯૫.૨૧ |
| ૩ | ઝાલા યુવરાજસિંહ બી. | ૯૪.૬૪ |
| ધોરણ-૮ (જી) | | |
| ૧ | ઠક્કર લખન એચ. | ૯૭.૩૬ |
| ૨ | પટેલ ઉમંગ પંકજભાઈ | ૯૨.૭૧ |
| ૩ | કોરી મિહિર રામસૂરજભાઈ | ૯૦.૬૪ |

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ તેજસ્વી તારલાઓને સન્માનશે

## ધો. ૧ થી ૯ના ૭૫ ટકાથી વધુ ગુણ મેળવનારે માર્કશીટની નકલ ૩૧મી સુધી મોકલવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજના પ્રમુખ ડી.એ. પ્રજાપતિએ એક અખબારીમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૨-૧૩ની વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓએ ઊંચી ટકાવારી મેળવી હોય તેવા તેજસ્વી તારલાઓને સન્માનીત કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ૭૫ ટકા કે તેથી વધુ ટકા મેળવ્યા હોય તેના વાલીએ વિદ્યાર્થીની માર્કશીટની ઝેરોક્ષ નકલ સેક્ટરના પ્રતિનિધિ અથવા મહામંત્રી કે.ઓ. વ્યાસને સુપરત કરવી.

ગાંધીનગર સહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક તાજેતરમાં મળી હતી. બેઠકમાં ૨૦૧૩ની વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૧ થી ૯ના ૭૫ ટકાથી વધુ ગુણો પ્રાપ્ત કરનાર સંસ્થાના સભ્યોના સંતાનો, પૌત્રો, પૌત્રીઓએ તેઓના માર્કશીટની ઝેરોક્ષ નકલ સેક્ટરના પ્રતિનિધિ અથવા મુખ્યમંત્રી-સંયોજક કે.ઓ. વ્યાસનો પ્લોટ નં. ૧૨૯૫/૧, સેક્ટર-૭-ડી, ફોન નં. ૨૩૨-૩૦૩૫૯ ઉપર સંપર્ક સાધવા જણાવ્યું છે. માર્કશીટની ઝેરોક્ષ નકલ પાછળ સંસ્થાના સભ્યનું નામ, સેક્ટર અને સરનામુ તથા ટેલિફોન નંબર અને વિદ્યાર્થી સાથેનો સંબંધ ખાસ જણાવવો. માર્કશીટની નકલ ઉમેદવારે ૩૧મી મે ૨૦૧૩ સુધીમાં સેક્ટરના પ્રતિનિધિ કે સંયોજકને પહોંચાડવાની રહેશે. આ અંગેની વધુ વિગતો ફોન નં. ૨૩૨-૩૦૩૫૯ અથવા ૨૩૨-૨૧૮૮૮ ઉપર સંપર્ક કરવાથી મળી શકશે.

# આજે વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાગટ્ય દિન

**પ્રાસંગિક**
**સુમંતભાઈ મં. શાહ**

જગતગુરુશ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૩૫મા પ્રાગટ્ય દિને તેઓશ્રીને કોટિ કોટિ પ્રણામ.

આપણા દેશમાં તે વખતે મોગલયુદ પ્રવર્તતો હતો. ભારતમાં સનાતન ધર્મમાં જગતગુરુશ્રી શંકરાચાર્યજી એ કેવળ ધૈતવાદ, શ્રી રામાનુજાચાર્યજીએ વિશિષ્ટ ધૈતવાદ, શ્રી માધવાચાર્યજીએ ધૈતવાદ અને નિમ્બકાચાર્યજીએ ધૈત અને અધૈતવાદનો પ્રચાર અને પ્રસાર કર્યો હતો. જ્યારે શ્રી વલ્લભાચાર્યજીએ શુધ્ધાધૈતવાદના સિદ્ધાંતો રજૂ કરી પ્રર્વતમાન ધર્મજગતમાંના માયાવાદનું ખંડન કરી સર્વવાદોનું નિરસન કરી જગતને બ્રહ્મવાદની દૃષ્ટિ આપી, ભક્તિ સેવામાર્ગના કમળને ખિલવ્યું. બ્રહ્મસંબંધ લઈ શ્રીકૃષ્ણ પરમાત્માને સમર્પિત થઈ તેમનામાં સ્નેહ સુદૃઢ થાય. જીવન નિર્મળ થાય અને માનવ ભકતના હૃદયમાં ભાવરૂપ નિર્મળ જળમાં કમળ વિકસિત થયા. આવા શરણાગતિના માર્ગમાં જીવોનો ઉધ્ધાર થાય તેવા પુષ્ટિમાર્ગનો પ્રાર્દુભાવ અને પ્રદાન કરી માનવજાત પર અત્યંત કૃપા કરી છે.

તેઓશ્રીના સમયકાળમાં વેદ દ્વારા બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને તેમાં પણ પુરુષોને ભક્તિ, ક્રિયાકાંડનો અધિકાર અપાયલે હતો, જ્યારે સ્ત્રીઓ અને શુદ્રોને તે બાબતે સમાન અધિકાર નહોતો તેવું મનાતું હતું. જગતગુરુ વલ્લભાચાર્યજીએ પુષ્ટિમાર્ગમાં અધિકાર પ્રદાન કર્યો હતો. તે બાબત, રજોબાઈ ક્ષત્રિયાણી અને શુદ્રોમાં યાદવેન્દ્રદાસ, કુંભાર, મહાઢીમર, મોહના ભંગી, ચહુડો, ભંગી વગેરેને બ્રહ્મસંબંધ કરાવી તેમનો ઉધ્ધાર કર્યો હતો, તેથી સ્પષ્ટ થાય છે. આમ તેઓ ધર્મમાં મહત્વની ક્રાંતિના પ્રણેતા બન્યા હતા. તેઓએ શ્રીકૃષ્ણ શરણં મમ એ અષ્ટાક્ષર મંત્ર દ્વારા અનેક જીવોને ચિંતા રહીત કરી તેમનાં પાપ, તાપ અને સંતાપ નિવારી તેમનો ઉધ્ધાર કર્યો હતો. આવો આપણે સૌ તેમના નવરત્ન સ્ત્રોતમાં આપેલ ઉપદેશથી સુપલ્લવિત થઈએ.

**નવરત્ન**

આત્મનિવેદન કર્યા પછી કયારેય ચિંતા કરવી નહિ,
શ્રીકૃષ્ણ કૃપાળુ તેથી જીવની લૌકિક ગતિ કરશે નહિ.
તાદેશીજનો સાથે મળી સમરો સર્વ પ્રકારે નિવેદન,
સર્વના સર્વેશ્વર સર્વાત્મા સ્વેચ્છાએ કરશે તમામ.
પ્રભુનો સંબંધ સર્વ સાથે ન એકથી તે છે સ્થિતિ,
સ્વયં નિવેદી તેમ એ ચિંતા શી વિનિયોગ જો અન્યમાં.
અજ્ઞાન અથવા જ્ઞાનથી જેણે આત્મનિવેદન કર્યુ,
શ્રીકૃષ્ણમાં પ્રોયા પ્રાણ પોતાના તેને શું હોય ચિંતા?
શ્રી પુરુષોત્તમમાં નિવેદન કર્યોથી સર્વે ચિંતાઓ ત્યજવી,
શ્રી હરિ સર્વ સમર્થ છે ચિંતા ન ધરવી વિનિયોગમાં.
ભગવાન જો ન થવા દે સ્વસ્થ લૌકિક વૈદિક મારગે,
પુષ્ટિમાર્ગમાં શ્રી હરિ અચળજાણી રહો બધા સાક્ષીરૂપ.
સેવા કરવી ગુર આજ્ઞાનુસાર તજો ચિંતા વિપરિત હરેચ્છા, ચિત્તને
સમર્પી સેવામાં રહેવું તત્પર વિધાય સુખે સર્વદા.
ઉદ્યેગ થાય કદી ચિત્તમાં તો જ કંઈ કરશે શ્રીહરિ,
લીલી તે પ્રભુતણી જાણી તત્કાળ ચિંતા છોડવી.
સર્વાત્મભાવથી હંમેશા વદવું શ્રીકૃષ્ણ શરણં મમ,
સતત એ રટતા રહેવું એવી મારી છે સમજ.
આમ શ્રી વલ્લભાચાર્યજી વિરચિત નવરત્ન સ્ત્રોત થયું સંપન્ન.

# બાળકો, વિવિધ વય જૂથનાં છોકરા-છોકરીઓ તથા પુખ્ય વયનાં સ્ત્રી-પુરૂષો માટે જરૂરી દૈનિક કૅલરી

**ફિઝિકલ ફીટનેસ**
**- કાન્તિભાઇ રા. પટેલ**

અત્યાર સુધીના લેખોમાં ૫૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતાં અને સામાન્ય રીતે બેઠાડું જીવન જીવતાં સ્ત્રી-પુરૂષોએ તેમનાં વજન અને ચરબી કાબૂમાં રાખવા માટે દરરોજ અનુક્રમે ૧૮૦૦ કૅલરી અને ૨૦૦૦ કૅલરી મળી રહે તેવો ખોરાક લેવાનું સૂચવવામાં આવ્યું હતું. આશા રાખવામાં આવે છે કે આવાં વાચક સ્ત્રી-પુરૂષો કે જેમનાં વજન પ્રમાણસર કરતાં વધારે હોય તેમણે આ સુચિત દૈનિક કૅલરી (૧૮૦૦ અને ૨૦૦૦) મળી રહે તેવાં અને તેટલો ખોરાક લેવાની શરૂઆત કરી હશે, અને તે પણ તે મુજબનાં તેમનાં દૈનિક ભોજન મેનુ પણ તૈયાર કર્યા હશે.

તેમ છતાં, આપણે જાણીએ છીએ કે આપણા ઘરોમાં બાળકો, વિવિધ ઉંમર જૂથના છોકરા-છોકરીઓ તથા પુખ્ય વયનાં સ્ત્રી-પુરૂષો પણ હોય છે. તેથી તેમણે પણ દૈનિક જરૂરી કેલરી મળી રહે તેવો અને તેટલો ખોરાક લેવો જોઈએ તે જાણવું જરૂરી હોઇ તે અંગેની વિગતો નીચે મુજબ રજૂ કરી છે, જેની પણ નોંધ લઈ તેણો પણ તેટલી દૈનિક કૅલરીવાળા ખોરાક લેશે તો તેઓ પણ તેમનાં વજન કાબૂમાં રાખી શકશે.

| ક્રમ.નં | ઉંમર (માસ/વર્ષ) | જરૂરી દૈનિક કૅલરી |
|---|---|---|
| ૧ | છ માસનું બાળક | ૧૧૮ |
| ૨ | ૭ થી ૧૨ માસનું બાળક | ૧૦૮ |
| ૩ | ૧ થી ૩ વર્ષ સુધીનાં બાળક | ૧૧૨૫ |
| ૪ | ૪ થી ૬ વર્ષ સુધીનું બાળક | ૧૬૦૦ |
| ૫ | ૭ થી ૯ વર્ષ સુધીનું બાળક | ૧૯૨૫ |
| ૬ | ૧૦ થી ૧૨ વર્ષ | |
| | છોકરો | ૨૧૫૦ |
| | છોકરી | ૧૯૨૫ |
| ૭ | ૧૩ થી ૧૫ વર્ષ | |
| | છોકરો | ૨૪૦૦ |
| | છોકરી | ૨૦૫૦ |
| ૮ | ૧૬ થી ૧૮ વર્ષ | |
| | છોકરો | ૨૬૦૦ |
| | છોકરી | ૨૦૫૦ |
| ૯ | ૧૯ વર્ષનાં ઉપરનાં : | |
| | (પુખ્ત વયનાં) | |
| | (ક) બેઠાડું વ્યક્તિઓ | |
| | પુરૂષ | ૨૩૫૦ |
| | સ્ત્રી | ૧૮૦૦ |
| | (ખ) થોડોક શ્રમ કરનાર : | |
| | પુરૂષ | ૨૭૦૦ |
| | સ્ત્રી | ૨૧૦૦ |
| | (ગ) વધારે શ્રમ કરનાર : | |
| | (મજૂરો, સામાન્ય ખેલાડીઓ) | |
| | પુરૂષ | ૩૨૦૦ |
| | સ્ત્રી | ૨૪૦૦ |

ધ્યાન ઉપર લાવવાનું કે ૫૦ વર્ષ કરતાં ઓછી ઉંમરના છોકરા-છોકરીઓ અને પુખ્ય વયનાં સ્ત્રી - પુરૂષો પણ વધારે વજનવાળા હોઈ શકે. તેથી તેમનાં વજન પણ પ્રમાણસર વજન કરતાં વધારે છે કે કેમ? તે આગળનાં 'તમારૂં વજન વધારે છે?' એ શિર્ષકવાળા લેખાંકમાં સુચવ્યા મુજબ જે તે વ્યક્તિએ પોતાનો BMI આંક કાઢી લેવાનો રહે. કારણ કે આ BMI નું એક જ સૂત્ર એવું છે કે જે આપણને શોધી આપે છે આપણું વજન ઓછું છે? યોગ્ય (પ્રમાણસર) છે? વધારે છે? કે આપણામાં મેદસ્વીતા છે?

આ ઉપરાંત આપણા ઘર કે કુટુંબમાં એકાદ આંતરરાષ્ટ્રીય ખેલાડી હોવાથી પણ શક્યતા છે, તો આવા ખેલાડીએ દૈનિક કેટલી કેલરીવાળો ખોરાક લેવો જોઈએ તે હવે પછીનાં લેખાંકમાં જણાવવામાં આવશે.

(ક્રમશઃ)